ત ફકીરી પ્રેમમય-
કવ્વાલી સંગ્રહ
યાને
ધ્યાત્મ રસ-ફુંગી.

સંગ્રહ કર્તા.

અમૃતલાલ જગજીવન મથાલીયા.

ગોપીપુરા-સુરત.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

શા. આનચંદ વેલચંદ પ્રસિદ્ધ

ગોપીપુરા સુરત.

[illegible] સંવત [illegible]

સુરત-ચૌટાના પુલ ઉપર આવેલા 'જૈન વિજય' ના સ્ટીમ
પ્રેસમાં ટાકોરદાસ ભાનભાઈએ છાપી

કિંમત ૦-૧-૦.

અર્પણ પત્રિકા.

શ્રીયુત્ અમ્રતલાલ અમરચંદ

ગુર્જર સાહિત્ય પ્રતિ આપનો અનુપમ પ્રેમ, જૈન ધર્મ પ્રતિ આપની ઉચ્ચ લાગણી નિરધારીને આપના તરફથી મળતો આશ્રય તેમજ મારા જેવા યુવકોને સાહિત્ય પ્રગટ કરવા ઉત્સાહીત બનાવવાની આપની તરફથી મલતો આશ્રય ઇત્યાદી આપના અનેક સદ્‌ગુણોથી આકર્ષાઈ આ લઘુ "કવ્વાલી સંગ્રહ" આપના કર કમલમાં અર્પણ કૃતાર્થ બનું છું.

લી. આપનો આભારી

શા. માનચંદ વેલચંદના

જયજીનેંદ્ર.

પ્રસ્તાવના.

ખાસ કવ્વાલીના શોખીન ગ્રહસ્થો માટે અધ્યાત્મ, પ્રેમ-મય કવ્વાલીઓની જુદા જુદા પુસ્તકમાંથી ચુંટણી કરી આ લઘુ કવ્વાલી સંગ્રહ બહાર પાડવામા આવ્યુ છે દરેક જૈન જૈનેતર, શ્રીમંત તથા સાધારણ વર્ગ તેનો લાભ લઇ શકે તેના માટે તેની કિંમત માત્ર આનો રાખવામાં આવી છે. આ મારો પ્રથમ પ્રયાસ હોવાથી વાંચક વર્ગની દ્રષ્ટીગોચર થતી ભુલો માટે ક્ષમા યાચી હંસની પેઠે તેમાંથી સાર ગ્રહણ કરવા મારી નમ્ર વિનતી છે.

૧. માત્ર દોઢ આનાની ટીકીટ બીડનારને મોકલી આપવામા આવશે.

૨. સો નકલ એક સાથે લેનારને પાચ રૂપીયે સો આપવામાં આવશે.

લખો—

શા. માનચંદ વેલચંદ

ઠે. ગોપીપુરા દેવચંદ લાલભાઈ ધર્મશાળા

સુરત.

મસ્તી ફકીરી પ્રેમમય કવાલીનો સંગ્રહ.

૧

ત્યાગ. રાગ સોહીણીનો—ગઝલ.

હું જાઉછુ હું જાઉછુ, ત્યાં આવસો કોઇ નહિ.
સામો દીવાલો બાધતાં, ત્યા ફાવસો કોઇ નહિ.
ના આસુથી, ના જુલ્મથી, ના વત્સલથી ના બંધથી.
દીલ જે ફિર્યુ રોકાયના, તે વાત છોડો કેહની.
સહુ ખુશ રહો તેમાં ખુશી, હુ જ્યા ખુશી તે હું કર
શુ એ હતું ! શુ આ થયું !, એ પૂછશો કોઇ નહિ.
કેઇ છે ખુશી કેઇ છે નહિ, દીલ જાણતું જે છે તેછે.
જ્યા જ્યા હરી દીલની ખુશી, ત્યા ત્યા ખુશી દીલ છે નહિ.
પેદા કર્યો તો ઇસ્કતા, ના કોઇને પુછયું હતું.
એ ભુસવાને ખુશી તો, પુછવુ એકે નથી.
છે ઇસ્ક જોયા ખુબ તો, જોવુ હવે જે ના દીઠું
કીમ્મત બતાવે ખેલ તે, આનંદથી જોવા સહી.
આ ચસ્મ ખુરને છે ચડયુ, આલંમ બધી નીહાલવા
તે ચસ્મર પાટા તમે, વીટી હવે શકશો નહિ.
મારી કબર બાધી અહીં, ત્યાં કોઇને સુવાડજો.
હુ જ્યાં દતાઉ ત્યા ફુલોને, વેરશો કોઇ નહિં.
છે શુ ફુલોને શુ ઇસ્કને શુ, સૌ તમે જોનારને.
આ માછલું દરિયાતણું, તે ઉર્મીયો ગણતું નહિ.

મુજ ઉર્મીએ તુમ વીરીધી, તમ વારીધી મુજ ઉર્મી છે.
જે હીકમતે આ છે બન્યું, તે જાણુશો કોઇ નહિં.
શું પુછવું, શું બોલવું, ખુશછો અને રહેજો ખુશી.
વ્યર્થ આંસુ ખેરશો તો, લુછશે કોઇ નહિં.

કલાપી.

૨.

અમો મસ્તાન—ગઝલ.

જીગરનો યાર જુદો તો બધો સંસાર જુદો છે.
બધા સંસારથી એ આ, બેદરકાર જુદો છે
ગણુંના શત્ર શયાને ગણુંના આખી દુનિયાને, પરંતુ જાન
આપર પ્યારીનો અખત્યાર જુદો છે.
હજારો બોધ મદિરો, મહીં નીત્યે ભલે થાજો.
અમો મસ્તાનના, ઉસ્તાદનો "દરબાર" જુદો છે.
બધા પરકાર તુકાનો, થઇ ચંચલ ચુકે નિશાન.
હમારા ચિતનો ચારો, અચળ પરકાર જુદો છે.
ઘડી ભર બેસ બતલાવું, શીખાવુ પ્રેમનો જાદુ.
અમો જાદુગરોનો યાર નો, બાઝાર જુઠો છે.
શાખે જો પ્રેમ પુરો તોજ, અચલ અભેદ પામે તું
નથી જ્યા પ્રેમ છે જ્યાં ભેદ, એ વહેવાર જુદો છે.
ભલેને માહરા પંથે બધા એ દુઃખને દેખે.
મને તો સુખ સાગર લ્હેરાનો કંઇ બહાર જુદો છે.
થયો જે પ્રેમમાં પુરો, થયો છે મુકત સર્વેથી.
મહા મસ્તાન જ્ઞાનીના, મગજમાં તાર જુદો છે. જીગરનો

બાલાશંકર ઉલ્લાસરામ

૩

સદ્‌ગુરૂની ભાંગ.

સદ્‌ગુરૂને ભાંગ પીલાઇ, મેરી અખીયાંમે આ ગઇ લાલી.
કીરીયાકી કુંડી. જ્ઞાનકા સોટા, શીયલકી શારી બનાઇ. સદ્
ભાવકી ભાંગ મરમકી મીરચી, ઘુંટનવાલે મેરે શાંઇ. સદ્
સદ્‌ગુરૂ કહે મેવો મન મમતા, મોક્ષ મહા નીધી પાઇ. સદ્
એસી ભાગ પીએ જો સુઘડનર, અજર અમર હો જાઇ. સદ્

૪

મધુકરની વિજ્ઞપ્તિ.

અરેરે, પુષ્પ આ ભમરો, મરે છે હો મરે તું છે હો
નમેરૂં થઇશ શું વ્હાલા, હું તારો છુ તુ મારો થા.
તુ બીડાતાં હુ બીડાઉં તું ખીલે તો હું ગુંજુ છું,
ન ભોગી પુષ્પ બીજાનો હુ તારો છું તુ મારો થા.
અરે તું ભ્રંગ બીજાનો, ભ્રમણ કરતો ફુલે ફુલે
કદી મારી ન રીતીએ હું તારો છુ તુ મારો થા.
કંટક કાપી નાખી દે, ભ્રમર છાતીથી ચાંપી લે.
તુ શોભે સર્વદા હુથી, હું તારો છું તુ મારો થા.
હું તારો ને ન તું મારૂ, ન રીતીએ રતીની છે.
કદરતું પ્રેમની કરતો, હું તારો છુ તું મારો થા.
આતો સ્વપ્ન ટુંકું છે, હું ગુંજી લઉ તું ખીલી લે.
થશે પલમાં અરે હાશ, હું તારોછું તું મારો થા.
સુકોમલ તું ખરી જાશે, ભ્રમર તારો મરી જાશે.
આખિરની ગતી એ છે, હું તારો છુ તું મારો થા.

તપું છું હું બળુ છુ હુ, મરૂ છુ હુ અરે પ્યારા.
તું મરકન્દ છાટાવો, હુ તારો છુ તુ મારો થા.

૫.

દિલને રજા.

ફાટે કે ન ફાટે તું, ચિરા કે ન ચિરા તુ.
અરે દિલ તેં કર્યો બેહાલ મારે કે ન મારે તુ.
ભલે ધડકી રહે છાનુ, ભલે બળી કોયલો થા તું
ખરો જાતો મને તો શુ, ઠરી જાતુ મને તો શુ.
રખે કાંટો તને લાગે, કમલ જાણી તને રાખ્યુ.
પરતુ તુંજ કાંટો છે, ઉડીજા તુ ગલી જા તુ.
દુનિયા છે તને ખારી, હવે છે તુ મન ખારૂ.
તું કોઇનુ નથી તો હું ન તારો છું ન મારૂ તું.
જુની પ્રીતી ગઇ તુટી, નથી તુટી તણી બુટી.
ખુટી ગઇ વાટ દીવાની, પછી બળવુ રહ્યુ કયાથી.
હવે બ્રહ્માડમાં હુ છું, હવે બ્રહ્માડનુ તું છે
પ્રીતીનો આપણી એ છે, મિલાવો આપણી એ છે

× × × ×

કાંટા જે તને લાગે, મને ભાલો તે ભોકાયે.
હૃદય ચીરે રૂધીર રાતુ, વહે છે તે તપાસી લે.
હૈયું હનુમાનનુ ચિર્યું, નીહાળી રામની મૂર્તી,
હૃદય મારૂ અરીસો છે, ઉઘાડી તુ ભલે જોતે.

૬.

પ્રેમ અને મૃત્યુ.

ફેકી દીધો મિથ્યા પરન્તુ, સત્ય પ્રેમ મીઠો મીઠો
વળી મિષ્ટ છે મૃત્યુ ખરે, જે અંત લાવે કષ્ટનો.
ભોળુ હૃદય જાણે નહિ, મધુતર કયુ નહિ જાણું.
હે પ્રેમ તું મધુ છે ભલા, તો તો બને મૃત્યુ કટુ
પ્રેમતુ કડવો ખરે, મૃત્યુ મને તો છે મધુ,
અહો પ્રેમ જો મૃત્યુ મધુતર, તો મને મરવાજદે
મધુ પ્રેમ કરમાઇ જવા પેદા થયો જેના દીસે,
મધુ મૃત્યુ સૌ જનને દીસે, કરતુ નિઃસ્નેહી ખાકજે.
એમા મગઝ સમજે નહિ, જાણું નહિ મધુકર કયુ,
પ્રેમમા ઘસડાઇ જાવા, ઇચ્છું જો કદી તે બને
દારાઓ હું મૃત્યુ થકી, બોલાવતું તે ત્યાં મને,
બોલાવરે હું આવુ છુ, હુ આવુ છુ મરવુ હવે.

૭.

પ્રેમ અને શ્રદ્ધા.

પ્રેમ દીલ વિના મલી, ચીરો કદી ઝીણા પડે;
કે મુરઝાની બરણીમાં ફલ એકને ચાંદી પડે.
તો પ્રેમ સ્વર ઉડી જશે, ફળ મિષ્ટ સૌ બગડી જશે.
અશ્રદ્ધાનું બીજ પણ નથી, ગ્રાહ્ય ફેકી દેતું એ.
પણ એ જશેરે રંગ કાલો, પ્રાણ સાથે તે ખસે.
રાખ શ્રધા પૂણમે, નહિતો નહિ રતીભાર પણ
મુજ નામ ા મારૂં હતું. તારૂં થયું બન્યુ એકએ

મને ટકતીં જો મળે તો તે, બધી તારીજ છે.
લાગે તને કદી ડાઘ કાળો, તો મને લાગી ચુક્યો,
તો રાખ શ્રધા પૂર્ણને, નહિતો નહિ રતીભાર પણ.

૯

મિત્ર વિયોગ કવ્વાલી.

અરે કો યાર એવો છે, જગત જલધી થકી તારે,
અરે દીલદાર એવા કો, તરંગોથી મને તારો.
ડુબ્યો દેખાવ જોતામાં, ફરે મેં ઓહ ના આણી;
ગયો ગુર્ણાયાર જોવામાં, તણાયો તીરથી ત્યારે.
દીધુ શિર દોક દઇને જ્યાં, નિવાર્યાં દુઃખનો કાપ્યુ,
નકામુ કાળજું કોઇ, હણ્યો હાથથી જ્યારે.
ગુજાર્યો છે ગરીબીથી રીબી દીનો રહી રંગે,
અરે ઉદ્દગાર આ મુખથી, કહ્યો ના કોઇને ક્યારે.
હણી લપડાક મૂખ રાતું, જગત જોવા ભલે રાખ્યુ;
અરે અંતર ઉઘાડું છે, ન પેંડો યાર કદી પ્યારે.
કરૂં ગુર્જર ગરીબીથી, નથી મગરૂબી મને કોઇ,
ફકીરી વેશમાં ફરતાં, ડરૂંકાં દીલ ઉંમારે.
અભિલાશા ગઇ ઉડી, નીરાશા નીરમાં નાવું;
અરે આશા નિરાશાના, નીધીમાં ન્હાવું નામારે.
પથ્થર કોટે પડયો જલમાં, નહિ થઇ કાષ્ટવત તારે;
દુબાડે દુઃખ શું દીસે, અરે અજ્ઞાનતું ધારે.
ઉપરથી વેશ સારો છે, બતાવે શાલમાં અગ્નિ;
બળે ભીતર રૂડું ભાસે, પ્રકાશું પ્યાર કો કયારે.

વહેતો પુરમાં ચાલ્યો, નજર જોનારને શાની,
ખલાશી જો કિનારેથી, તપાશી રેયના તારે.
અરે આ ઘાત હ્રદયમાં, પુરે બીજનો પ્રત્યાઘાત.
રૂવે જ્યારે હ્રદય રેહુ, તપાસે કોણ તેવારે.
ફરે જઇ વૃંદમાં હરણી, દુઃખી દીદાર દીસે છે.
પુરો છે પારધી રાજી, ધરાગો અંતરે ધારે.
તને તજવાની તૈયારી, તથાપિ યારી શુ ધારી;
અરે આ ઝાંઝવા જગનાં, ન સાચાં જાણજે ક્યારે.
કદી શાણો રીઆણોતો, નહિ ઘર ઘર જઇ રોવે;
હ્રદય રોતુ તથાપિ તે, અવર આંસુ અરે ખાળે.
અવર શાંતિથી રાજી રહી, દહન કર દેહ કરી ટુકડા,
અરે યાહુતી શક્તિમાં-દઇદે મિત્ર ભર પ્યારે.

૯
સ્નેહીનાં દિલ નહિ બાગું.

(એજ મનોદશા-રાગ—હરિગીત.)

ના, ના, પુછો દીલની દશા, જે હોય તે છોને રહી.
શું કામભાઇ ! જાણીને, કે દુઃખી હું કે છુ સુખી;
સુખ દુઃખ મ્હારા ભાગનાં, પ્રારબ્ધના નિયમો રચ્યં.
મિથ્યા ન થાએ કદી, તો લાભ શો તમને કહે. ?
હોયે સુણી સુખ માહરૂ, સુખ ભાઇ જો તમને થતું.
તો તો કથા મુજ સુખની, લ્યોને તમોને હું કહુ;
પણ દુઃખ કૈં કૈં દોહ્યલાં, મન્થન કરે આ હ્રદયનુ.
વૃતાન્ત તેનો તો કદી હુ નહિ કહું—ના નહિ કહું;

સાચુંજ કે "દુઃખો કહ્યે હોલાય કૈં દિલ દાઝતું"
સાચું ન શું "દુઃખો શહ્યે જીવન તપસ્વી તો થતું"
મુજ હૃદયતાપ સમાવવા, દિલશોજ શું દિલડાં દહુ '
દાઝું ભલે દુઃખાનળે.— દિલ સ્નેહીના બાળું નહિ.

ચંદ્રશંકર ન પંડયા.

૧૦.
કરી દેખાડશો કયારે ?
(કવ્વાલી.)

અમુલાં ધર્મ પર્વજના, કરી દેખાડશો કયારે ?
પરાક્રમ વીર તનુજોના, કરી દેખાડશો કયારે ?
હતા પૂર્વે બહુ મોટા, થયા સૌથી હવે છોટા,
પડયા જે વીર્યના તોટા, ભરી દેખાડશો કયારે ?
કહો છો વીર પુત્રો છો, કહો છો સૌ સુપુત્રો છો,
બતાવી પાત્રતા પહેલી, કરી દેખાડશો કયારે ?
કહો છો યજ્ઞ વેદીમા, ધુનીને ધમધમાવીને,
જગત્ પાવન કરી દેતા, ફરી દેખાડશો કયારે ?
હતા દાનેશ્વરી શરા, કર્ણને પાર્થ સમ વીરા,
ફરીને એ બધા હીરા, ફરી દેખાડશો કયારે ?
હમેશાં દેશહિત વ્હાલા, હૃદયના નીરમાં ન્હાતા,
મહા બળવાન મદમાતા, ફરી દેખાડશો કયારે ?
સમરમાં નામ કરનારા, અમર બહુ કામ કરનારા;
અચળ ઉત્સાહ ધરનારા, ફરી દેખાડશો કયારે !
અખંડીત ધૈર્ય ધરનારા, અમર યશ કીર્તિ વરનાર,
અરીનું હીર હરનારો, ફરી દેખાડશો કયારે ?

પ૦-૭

પ્રતાપી રામ રણધીરા, ભરત જેવા અચળ વીરા;
ભક્ત હનુમંત સમ હીરા, ફરી દેખાડશો ક્યારે?
પ્રતાપી પ્રાણ દેનારા, અવરના કષ્ટ હરનારા,
કસોટી તીવ્ર સહેનારા, ફરી દેખાડશો ક્યારે?
કર્યાં જે તેમણે કામો, ઉઘાડ્યા સ્વર્ગના ધામો;
તમેયે એ સમા નામો, ફરી દેખાડશે ક્યારે?

૧૧

"સંસારિયાઓની સંપત્તીની તુલના."

(એક કરૂણામય ચિત્ર.) ગઝલ.

અરર ! સંસારિયાં સર્વે, રહ્યા રાચી અહીં ગુલ્તાન,
અનેરી એ ભૂમિકાની, નહિ પીછાણ, નહિ છે જાણ. ૧
વિલાસોના વિષય શોધે, ભોગવવા ભોગ બને ઘેલાં,
કમાવા કીર્તિ ને વૈભવ, ઉછાળા મારતા, ઘેલાં ! ૨
જીવન લ્હાવા લઇ લેવા, વસુભંડાર ભરી લેવા,
મઝા ને શોખ પૂરાં કરવા, અરર! શો ક્લેશ! શાં વલખાં! ૩
પૂરી થઇ વાસના ના એક, બીજી ઉભી, ત્રીજી ઉભી,
મળી પ્રમદા, પણ પુત્ર ક્યાં? મળ્યો જો પુત્ર, દોલત ક્યાં? ૪
મળી દોલત, છે કીર્તિ ક્યાં? મળી કીર્તિ, પણ શાંતિ ક્યાં?
નહિ શાંતિ જીવનપર્યંત, અરર! આ સર્વનો આ અંત! ૫
ઝુકાવ્યું છીછરા જલમાં, રહ્યાં ઝુકયાંજ ત્યાં ને ત્યાં,
કરૂણામય દશા જોઇ, હવે બેસી રહ્યા રોઇ. ૬
ઝપટ સંસારની ચાલે, બિચારાં બ્હાવરાં થાયે,
અને કાયર બની ત્રાસે, ફસાયાં સ્વાર્થને ફાંસે; ૭

અરે ઓ જ્ઞાનની ભરતી ! તરંગ ઓ શુદ્ધ ચેતનના !
પ્રવાસી આ વિચારાંને, બચાવો ! હા ! બચાવોને ! ૮
અધૂરી આશ એની છે, અધૂરા ધર્મ એના છે.
અધૂરાં પ્રાયશ્ચિત્તો છે, અધૂરી આત્મશુદ્ધિ છે. ૯
અલખનું ધ્યાન ધરવું છે, નિવૃત્તિમાં વિહરવું છે,
'જીવન સાદું, મનન ઉંચું'—હજી તે હાથ કરવું છે. ૧૦
જૂનો સૌ મેલ ધોવો છે, ખરો આનંદ જોવો છે,
હૃદયના ઉચ્ચ મનોરથ છે, અરર ! શું તે શમી જાશે? ૧૧
અરે, ઓ દિવ્ય મોજાંઓ, અધર લ્યો નાવને ઉંચકી,
ઉગારો ચિત્તડાં ભોળાં, ઉગારો ! છે રહ્યાં ડુસકી. ૧૨
હતો સંસાર સાનુકુલ, હતાં વૈભવમાં મશગૂલ,
તથાપિ કંઇ સરી ચાલ્યું, અખિલ જીવન કરમાયું. ૧૩

* * * *

અમીરોની અમીરીમાં, ગરીબી ને નિરાશા છે !
ગરીબોની અમીરીમાં, અમર સુખો સમાયાં છે. ૧૪

નરસિંહદાસ ભ. વિભાકર,

૧૨

ફકીરી હાલ મારો છે કવ્વાલી.

જલાવી દે જીગર વ્હાલી, ફકીરી હાલ મારો છે.
થયાં છે તન બદન ખાલી, ફકીરી હાલ મારો છે.
બહુ જોઇ બહુ જોઇ રાહી રસ્મ દુનીયાની,
ભરી છે બેવફાઇ હા. ફકીરી હાલ મારો છે.
ચ્હડી ચેરાગને કાંટે, જલાવે પ્રાણ પરવાના,

ન ફુટ આલમ હશે તેને, ફકીરી હાલ મારો છે.
ભરી છે બેનફાઇથી સફાઇ ના મળે દીલની,
વફાઇના પવાઝતો, ફકીરી હાલ મારો છે.
જહર કાલે બધે ફેલ્યુ, જમાનો આવીયો કાતીલ,
કપાતા ભાઇ ભાઇથી ફકીરી હાલ મારો છે
મરેશું હાથથી વ્હાલી, ! મરે શું મારી આશકને,
ગડતું એજ દીલ ખુંચે, ફકીરી હાલ મારો છે.
બલે દુઃખ દર્દથી દાઝુ, બગીને આગ ના સોલા,
તને આ દાઝતાં દેખી, ફકીરી હાલ મારો છે.
હતો એ વખ્ત એવો જ્યા, હતી તું પ્યાર પહેલુમાં,
બલે કાતિલ કરો કત્લે, મુનાશીબ જાન મારો છે.
અહો ! જારી ગુઝારૂં છું, દુવા તુજ ઉમ્ર વધવાની,
જખમ એ ઝીગરના જોના, ફકીરી હાલ મારો છે.
ખુશી રહેજે ખુશી થાજે, ભુલી જાને ભુલેલાને,
નહિ ભુલું કદિ ગેતો, ફકીરી હાલ મારો છે.
જીગરમા જાપ છાપીને, જતનથી જાપ કરવાનો,
સ્વદેશે મંત્ર લઇ બેઠો, ફકીરી હાલ મારો છે.

વસન્ત.

૧૩

ભલું કરવાથી પ્રભુ રીઝે તે વીશે—હરીગીત.

તું તિર્થમાં જ્યાં ત્યાં વીચરતો, ધર્મ જાણીને ધસ્યો,
વૈરાગ્યથી વસ્તી તજીને, વન વીશે જઇને વસ્યો
બગવાં ધરીને બટકતો, રહી પેટ ભીખીને ભર્યું,

શા રીતે ઇશ્વર રીઝશે તે સારૂં કોનું શું કર્યું. ૧
તે નિત્ય સ્નાન ત્રિકાળ કીધું, ચાટી ગોમય ચોળીને,
તે પચગવ્ય વીશેશ પ્રાસન, કીધું ઘોળી ઘોળીને.
આહાર એકજવાર કરવો, એવું વ્રતતે આચર્યું,
શા રીતે ઇશ્વર રીઝશે તે મારૂં કોનું શું કર્યું. ૨
તે હોમ હવન કર્યા ઘણા ઘી હવનમાં હોમ્યાં ઘણાં,
તે ચાલતી નદીએ ચઢાવ્યા દુધ દહીં ગાયો તણાં.
બહુ વર્ષ મુખ મુનિવ્રત ધર્યું, તે ઠીક તુજ મનમા ઠર્યું,
શા રીતે ઇશ્વર—૩
તે નવનવા નૈવદ્દ કરીને, તે પ્રભાદી તું જમ્યો,
ઉપવાસનાં એકાસણાં કરી, દેહને તે બહુ દમ્યો.
ખાડો ખણીને દાટીયુ, જે અન્ન જગતાં ઉગયુ,
શા રીતે ઇશ્વર—૪
તે પ્રાર્થના પ્રભુની કરી મુખ વીવીધ વચન ઉચ્ચારીને,
તે સ્તોત્ર પાઠ ઘણા કર્યા, નિત્ય નિત્ય નીયમો ધારીને.
ગદગદ સ્વરે ગુણગાન કરતાં, આંખથી અશ્રુ ઝર્યું,
શા રીતે ઇશ્વર—૫

અમૃતલાલ પઢીયાર.

૧૪

પ્રભુને સંદેશો.

આટલો સંદેશો મારા પ્રભુને કહેજો, (૨ કાયાના દેવળ અમને
લાગે છે કાચો—
તેનીરે પાલખણી અમને દેજોરે સદેશો મારા-પ્રભુજીને કહેશોજી૦

કાયા પડશેને હંશો કયાંજઇસમાશે(કાયા પડશેને હંશો ઉજમાં સમાશે)
તે ઘર બતલાવી અમને દેશોરે સદેશો મારા પ્રભુજીને કહેજો.
સિદ્ધ સ્વરૂપી મારી નજરે ન દેખુ, આવીને દરિશન અમને દેજોરે-સં૦
તમે તે અમારાને અમે તે તમારા, જન્મો જનમ પ્રીતી રહેજોરે-સં૦

૧૫

સંત કોને કહેવા

શાતિ પમાડે તેને તે શત કહીએ, (૨) તેના દાસના દાસ થઇ હરીથી
શાતિ.
વિદ્યાનુ મુલ નવી ગુરૂ જાણ્યું, ત્યારે પડયાને માર શીદ ખાઇએ. શાતિ
ખાધી ગોળી અને રોગ જ્યારે ઉભો, ત્યારે તેની ગોળી તે શાદ ખાઇયે.
શાતિ.
લીધો વળાવો ને ચોર જ્યારે લૂટે, ત્યારે તેની સંગાથે શીદ જઇયે.
શાંતિ
કલ્પવૃક્ષ સેવ્યુને દ્રાલીદ્ર ઉભું, ત્યારે તેની છાયામા શીદ રહીયે.
શાંતિ.
રાજાની નોકરીને ભૂખ નવી ભાગે, ત્યારે તેની ભાર શીદ વહીયે.
શાતિ.
કીધા ગુરૂ અને દુઃખ નવીનથી જાયે, તેના ચેલાતે શીદ થઇયે.
શાંતિ.
નામ અનામ મારા ગુરૂએ બતાવ્યું, તેનો રાખ્યું છે મેં મારા હૈયે
શાંતિ.

૧૬

પરમ નિઃસ્પૃહતા. રાગ ભેરવી ગઝલ.

દીઠો ઘટમાં પ્રભુ પ્યારો હવે અમને નથી પરવા.
ગઇ પરવા થયા મસ્તાન રહ્યા છો કર્મ શી પરવા.
મલે નહિ અન્ન ખાવાને મલે નહિ પાણી પીવાને.
મલે નહિ ચીર ધરવાને નથી તો એ હવે પરવા.
બને જો રહેવુ જંગલમાં, બને જો રહેવું પર્વતમા
બને જો રહેવુ દરીયામાં નથી તોએ પરવા.
નથી ભય રાખતા પત્રંના નથી ભય દેવદેવીનો.
નથી ભય ભુત પ્રેતોનો, રહીશીનો હવે પરવા.
મળે જો હઝમ મહેલાતો, મળે જો હીરા મોતીઓ
મળે જો ચાદી સોના તો, નથી હમને હવે પરવા.
કદી રેશમ કે મખમલનાં. મળે ચીરો અંગે ધરવા
મળે કો દીન ખાદીનાં નથી તા એ હવે પરવા.
કદી વીધ વીધ પકવાનો. બહુ પ્રીતે મળે ખાવા.
મળે જો લુંણુની કાજી, નથી તો એ હવે પરવા.
ગચ્છ મતની ગઇ મમતા, કુલ ધર્મની ગઇ મમતા.
કુ ગુરૂ સંત છુટયો છે, નથી અમને હવે પરવા
નથી વ્હાલી મિથ્યા કીર્તી, નથી થાતી વિષય પ્રીતી.
નથી ગમતી જગત રીતી, તા શેની છે હવે પરવા.
વીકારો જે કરી તાબે, દમી છે ઇંદ્રીયો જાતે.
થયો વશમન મર્કટતો. કહો શાની હવે પરવા.
કરે જો કોઇ નીંદાનો, જુઓ કો અલ્પ દોશો જે.

પડે વીપદા અમોને તો, નથી ચિત્તમાં હવે પરવા.
સુખી કરવા બધા જીવોને, થઇ છે વૃતી અંતરમાં
સન્માગે લગાડીશું. નથી બીજી હવે પરવા.
નથી રહી ક્યાંય શંકા ક્યાં, નથી ઇચ્છારે જીવનમાં
રહ્યું શીવ સુખ અંતરમાં, તે શીને છે હવે પરવા દીઠો.

૧૭

અલખ ફકીરીની મસ્તાની કવ્વાલી.

અરે કયાં જાય છે દોરી દગાબાજી કરી કીસ્મત
ભરોસે ત્હેં દઇ શાને હરાજી આ કરી કિસ્મત

× × ×

મને માલીકનો કાને, પડે ભણકાર છે કિસ્મત
મલ્યો માલેક વેચાયો કરીલે ચાલ્યા તે કિસ્મત

× × ×

અલખ ફકીરીની મસ્તાની.

અમો ઉસ્તાદના ચેલા, ફકીરી વેગમા કરતા,
નથી દુનીયાતણી પરવા, અલખની ધુનમા રંગેના.
જગાવીશુ હૃદય ગુફા, ભુઝાવીશુ વિકલ્પોને,
જગાવીશુ ચિદાત્માને નથી લેવું નથી લેવુ.
હરાવીશુ હહીલાને, ઠરાવીશું ખરી સ્થિરતા,
બજાવીશુ ખરી સેવા, ક્રિયા યોગી સ્વપરમાટે.

× + ×

ગ્રહશીને ગ્રહાવીશું, અલખની મોજ મસ્તાની,
તજીશું ને તજાવીશું, જગતના ફેદની ભ્રમણા,
અલખની જ્યોતિમાં જાગી, વહીશુ દેશ ાસ્થરતાને.

૧૮

ખરો એ પ્રેમ પ્રેમીનો (કવ્વાલી)

અમીની આખ જોવાથી, હૃદય તલપી રહે મળવા
સમર્પણ સર્વનું જેમાં, ખરો એ પ્રેમ પ્રેમીનો—૧
સુખે સુખી દુઃખે દુઃખી. વીપત્તીમા રહે સાથી
નથી જ્યાં સ્વાર્થનો છાંટો, ખરો એ પ્રેમ પ્રેમીનો—૧
રગો રગમાં વસે પ્રેમી, હૃદયનો ભેદ નહિ ક્યારે
ખડાં રોમો દીઠે થાવા, ખરો એ પ્રેમ પ્રેમીનો—૩
ખરી નિષ્કામથી સઘળું, ગણે નહિં મારૂં કે તારૂં
ભલામાં ભાગ લેવાનો, ખરો એ પ્રેમ પ્રેમીનો—૪
દગાબાજી નથી કિંચીત્, નથી પરવા નથી લજ્જા
અભેદો પાસ ના વદતે, ખરો એ પ્રેમ પ્રેમીનો - ૫
જણાવાનુ ખરૂં નક્કી, ત્યજાવાનુ. બુરૂં બાઉ
ભજાવાની પ્રભુ ભક્તિ, ખરો એ પ્રેમ પ્રેમીનો—૬
મળે તે સંપીને ખાવું, વપુથી ભેદ નહિ મનમાં
વીચારોનો સુધારો જ્યાં, ખરો એ પ્રેમ પ્રેમીનો—૭
નથી નાના નથી મોટા, સદા જ્યાં ઐક્યતા છાજે
રીસાવાનું ગયું સ્વપ્નું, ખરો એ પ્રેમ પ્રેમીનો—૮
શરીરો ખાખ જો થાયે, થએલા પ્રેમની વૃદ્ધી
બધું પરમાર્થનું કરવું, ખરો એ પ્રેમ પ્રેમીનો—૯
છુપાતા દોષના ઢગલા, ગુણોનો થાય ફેલાવો
અનુપમ સુખનું ઝરણું, ખરો એ પ્રેમ પ્રેમીનો-૧૦
વિષય ભિક્ષા ટળે ઇચ્છા, નથી જ્યાં વાસના હોળી

સદા સાત્વીકતા પ્રગટે, ખરોએ પ્રેમ પ્રેમીનો-૧૧
મળ્યું કે ના મળ્યુ તો શું; નથી સનમાનની ઇચ્છા
બુધ્ધયબ્ધિ તનમયી મૂર્તી, ખરો એ પ્રેમ પ્રેમીનો-૧૨

૧૯

અમારી સ્થિતી. (ગઝલ)

અમે તો ભાવના યોગી, અમે તો જ્ઞાનના યોગી,
નહિ છે લાજ દુનિયાની, અમારૂં ચિત્ત મસ્તાની. ૧
હજારોની નિરાશામા, અમર શાંતિ છૂપાઇ છે,
અમારૂ તેજ સર્વત્ર, ભલાની એ ભલાઇ છે. ૨
અમારે નહિ કદી ડરવુ, અમારે કર્મને સ્હેવું,
અમારૂં તે અમારામાં, તમારૂં તે તમારામાં. ૩
તમારૂ તે અમારૂ છે, ખરી એ સત્યની કુંચી,
અમારે મસ્તનું ખાતું, અમારૂ દિલ નહિ છાનુ. ૪
અમારી વાત સર્વત્ર, ગવૈયાઓ ગજાવે છે,
ડાહ્યાં દિલ સમજવાને, ખરો એ ધર્મ દયાવે છે. ૫
ખરૂં એ સુખનુ ખાતું, ભલું એ ભાવનુ ભાતું,
ગરીબી ન ગણાવાની, ભલાઇ ન ભણાવાની. ૬
હશે જેવું થશે તેવું, વીધાતા વાંક ગણવાનો,
ખરૂ જીગર જણાવાનો, છૂપ્યો નહિ તે છુપાવાનો. ૭
અનતુ સુખ પોતાનુ, ગ્રહી લેવુ ભલાઇથી,
કરીને કર્મનો અત, થઉં હું શાંત સમજ્યા ની. ૮
જીગરની વાત જે જાણે, અમારો ભાવ તે આણે,
છૂપાયું તેજ અંધારે, ઝળકશે જ્યોતિ ઝટ ધ્યાને ૯

અમારા તેજની તેજી, હજુ છે હાથમાં બાજી,
બધું એ બુદ્ધિના બળમાં, પડું નહિ કર્મના છળમાં. ૧૦
કરેલું એ ભરેલું એ, ભરેલામાં ભરોસો એ,
બુધ્યબ્ધિ સત્ય સેવાથી, સદા જે સત્ય થાશે એ. ૧૧

૨૦

મ્હારી આત્મદશા. ગઝલ.

મને ગમતી નથી દુનીયા, નથી આશા અમર ઉંડી.
ફકીરાઇ અમારી એ, નથી વાહવાહમાં પ્રીતી,
મનુષ્યોની પ્રર્વતીમાં, નિવૃત્તિની નથી આશા,
પ્રવૃતિ ત્યાગ કીધો મે, નિવૃતિ શાંતીને માટે
ફકીરી વેશ લીધો મેં, નિવૃતિ મુક્તિને વરવા,
વિકલ્પોને સમાવાને, અખંડા નદમાં રહેતા.
નથી વિશ્વાસ વ્હાલાનો, નથી મિત્રાઇ મિત્રોની,
નથી શિષ્યો તણી સેવા, નથી પ્રેમી તણો પ્યાસો.
જગતના ખેલને જોતા, કદાપી પાર નહિ આવે,
ગ્રહીશું તે ગ્રહાવીશુ, અલખની મોજ મસ્તાની.
ત્યજશુ ને ત્યજાવીશુ, જગતના ફંદની ભ્રમણા,
અલખની જ્યોતિમાં જાગી, વરીશું દેશ સ્થિરતાનો.
તજી દીઠું ગ્રહ્યું જુઠું, જડોના ભાવમા ક્ષિણતા,
થતુ જે જે નથી હુતો, નથી મારૂ અને તારૂ
ખરો વહેવાર જ્ઞાનીનો, નથી તે અધ જોવાના,
ગમે તે ચિત્તમાં ધારો, અમારો પથ ન્યારો છે.
હસો કે ના હસો તો પણ, નથી તેમાંજ જોવાનુ,

તમે મેમાન દુનિયાના, નથી મેમાનનો ધારો.
અમારૂં જે નથી તેમાં, કદાપી લક્ષ નહિ દેવું,
બુધ્ધયબ્ધિ શુધ ઉપયોગે, અમારૂ તે અમારૂ છે.

૨૧

મારી. ગઝલ.

ભલે માંગો તમે માફી, કહો આપી શકું ક્યાંથી?
હૃદયનો દોર તુટયો જે, કહો સંધાય તે ક્યાંથી?
પરસ્પર આપી લ્યો માફી, મને તેની નહી પરવા!
પડયો જે દાગ દીલમાં તે, કહો ભુંસી શકુ ક્યાંથી?
દીધી માફી લીધી માફી, પ્રપંચો એહ દુનીઆનાં,
"હૃદય ખાલી છતાં હસવું," કહો તે આવડે ક્યાંથી?
તુટેલો તાર સાંધ્યાંથી, પડે જે ગાંઠ પ્રીતિમાં,
હજારો મુર્શિદો આવી, નિવારી એ શકે ક્યાંથી?
અગર છે પાક દીલ મ્હારૂં, કરો છો ખાક આતશથી,
સુખી છું તેજ દુઃખેથી, હૃદય એ ભાવના ક્યાંથી?
અચલ જો પ્રીતિની રીતિ, પછી શું માફીની પરવા?
નથી તુટયુ પછી સાંધી, કહો હું એ શકું ક્યાંથી?
કહે લોકો ખરી શુદ્ધિ, વસે છે એજ માફીમાં,
પરન્તુ વિષ પીવું હું, વિના દર્દે કહો ક્યાંથી?
કર્યું કુરબાન આ દીલ જો, સખાની મસ્ત યારીમાં,
જીગરથી જે દીધું અર્પી, પછી માફી મળે ક્યાંથી?
દીધી માફી, લીધી માફી, વળી લીધી વળી દીધી,
કુડાઇ ને બુરાઇનો, લહું લ્હાવો અરે ક્યાંથી?

વળે છે સિન્ધુના વારી, સમુદ્રે થાય છે ખારી,
પરન્તુ સાંભળ્યુ કોદી, કહો માંગી કહીં માફી ?
ખરી પ્રીતિ, ખરી માફી, વસે છે યુગપત્ પ્રેમે,
ખરી માફી ન દીધાથી, બતાવું ભેદ એ કાંથી ?

જૈન પત્ર.

૨૨

મુક્તિનો પંથ

હવે મને હરિ નામથી નેહ લાગ્યો—રાગ.

મુક્તિના પંથે શુરવીર ચાલસેરે જાગી કાયરતો જાશે ત્યાંથી ભાગીરે મુક્તિ.
શુભટનો વેશ પહેરી, પાવૈયા રણમાંતો ચાલે છે સકુની આગે
ખરાખરીનો જ્યારે વખ્ત આવે ત્યારે મુઠી વાળીને બીરૂ ભાગેરે મુક્તિ.
સતીનો ડોળ ભલે રાખે શહુ નારીયો, પતિની સાથ સતી બળશે
ભક્તિનું તેલ માગે ખરા ભગતની, ભક્તિ તે ભવ માહી મળશેરે મુક્તિ.
દિક્ષા લઇને સાધુ કહાવે સહુ, વીરલા સંયમથી વીચરતા
કરી કેશરીયા મોહ હઠાવી, જય લક્ષ્મી કેઇ વરતારે–મુક્તિ.
લીધો વેશ તેને ભજવે છે સુરનર, બોલે છે બોલ તેવુ પાળે
બુદ્ધિસાગર સુરવીર સાધુઓ, શીવપુર સન્મુખ ચાલેરે–મુક્તિ.

૨૩

પ્રેમ અને સીકાર. (ગઝલ)

લખ્યું તે પત્રમાં પ્યારા નથી સીકાર મે કીધો,
ખબર વીવેકની મુજને, નથી તો તું ક્ષમા કરજે.
અહો સ્તસંગને, સુહૃદએ બોલવું છાજે,
ચહેજો પ્રેમ આદરને નહિ એ પ્રેમ પ્રેમીનો.

અખંડિત પ્રેમને બંધુ, જરૂર શુ હોય આદરની,
પધારો આવજો બેસો, વૃથા એ વાદ શા સારૂ.
હૃદય સ્તકાર જ્યાં થાતો, ઉભય ઉરમાં વિના માગ્યો,
નયન સત્કાર નવ ઇચ્છે, વદન સ્તકાર આજે તો.
વિનય રસના તણો એવો, બતાવે પ્રેમમાં ખામી,
પ્રપચી કાજ રહેવા ઘો, ન ઇચ્છે પ્રેમનાં પાત્રો.
હસે દિલ પ્રેમનાં ભરીયાં, રહે જુદાં છતે સંગે,
વિન યસ્તકારને એમાં, નથી અવકાશ મળવાનો.
પધારો એમ કહેવાથી પધારે તે પધાર્યાના,
નિમંત્રણ પ્રેમીને શાનાં, અનાદર પ્રેમીને શાનો.
મળ્યાં છે ચિત વિણ યત્ને, શરીરનો જોડવાં છે કયા,
કહેકર આપવો શાનો, મને મન જ્યાં મળેલાં છે
સુહૃદનુ આગમન થાતાં, ઉઠે સત્કાર કરવાને,
અરે એતો જનો જુઠા, ખરેખર બાહ્ય પ્રેમોના.
ભલે એથી ગડાં દેવા, હજો આત ઇષ્ટ શિષ્યાને,
સ્પૃહાસત પ્રેમના ભોગીજનો તે તેના કયમ રાખે.
વિનયની પુરણી માગે, અધુરી તેટલી પ્રીતી,
પ્રતિતી પ્રેમની કરવા, નથી અધીકાર આદરને.

દા. ખુ. બોટાદકર.

૨૪

દુઃખી મનુષ્યનો હૃદયભેદક કરૂણાસ્વર. (કવ્વાલી)

ચઢી તું ચારડે ફરતો, ન પરવા કોઇની
બહુધા બંગલે રાચ્યો, નચાવી નાચ

લૂંટાવી લક્ષ્મી કંઇ દીધી, ફીદા થઇ નૃત્યથી હા હા,
વિષયના સુખમાં અંધો, બનીને છેક તેં મુરખા.
ઉડાવી મોજ મિત્રોથી, કરીને હસ્ત તેં કાળા,
ગયા તે મિત્ર ક્યાં તારા, નીકટમાં રોજ રહેનારા.
થશે તારૂં શુ તેની તેં, ન રાખી કાંઇએ પરવા,
કરેલાં કર્મ જે કાળાં, ખરે લાગ્યાં હવે ફળવા.
બીચારી રંક પુત્રીનુ, ન માન્યું મેં જરી હાહા,
કસાઈ કાળરૂપે થઇ, ગળે કીધી છરી હા, હા,
કહેને કુમળી કળીયો, સહે શું ઘા કુહાડાના,
પિતા થઇ પુત્રીને પોતે, ધરી તેં કષ્ટમાં હા, હા,
નડે છે હાય ! તેની આ, નરાધમ કાંઇતો વીચાર,
તને છે હા તને છે હા, તને લાખો અરે ધિક્કાર.
ગયા ક્યાં બંગલા તારા, ગઇ ક્યાં ચારઠો ચાલી,
પલકમાં સૌ થયું સ્વાહા, રહયો હતભાગ્ય નીહાલી.
નથી પાસે પુરૂં પટ હા, ઉઘાડો ચામડું મુજનું,
પડી રેતી વીશે મુંઠા, અભાગી શું તને સુજયું.
પ્રીયાનુ કેણુ ના માન્યું, ડુબાવી તેહને પાપી,
ગઇ તે હાય તરછોડી, બુરા શ્રાપે તને શ્રાપી.
વીના વાંકે ખરે દુષ્ટે, સતાવી દેવી હા, તુજને,
તને છે ધન્ય હે દેવી, પ્રભુરૂપે ગણ્યો મુજને.
[illegible] તું રૂપમાં રંભા, સતી સીતા સમી શાણી,
[illegible]ગ અકલમાં, કદર તારી ન મેં જાણી.
[illegible]આથી, વગર વીચારથી માને,

ખરે નર તેહ ખરતોલે, હવે મન માહરૂં માને.
નથી આ વખ્તમાં પાસે, પ્રીયાકે પુત્રી પ્યારી હા,
નતો હું માગતો માફી, ચરણમાં શીશ ધારી હા.
અરે કમ ભાગ્ય હા કયાંથી, તને એ દેવીનાં દરશન,
દુરાત્માને સૂજેલું છે, ભટકવું હા વીકટ વનવન.
હશે ક્યાં પુત્રી મારીને હશે ક્યાં પ્રાણની પ્યારી,
અહે મેં ઉગતી છોડી, દયા તેની ન દીલ ધારી.
ખરે ક્ષુધા તૃષા વેઠી, ભટકતી હા-હશે વ્હાલી,
હૈયાતીમાં હશે કે શું, હશે ગઇ સ્વર્ગમાં ચાલી.
કરેલાં કૃત્ય જે કાળાં, થયાં તૈયાર દુઃખ દેવા,
હરામી જીવ ભોગવતું, ફરીથી ના કરે તેવાં.
થઇ આ હિન્દની પડતી, ખરે તારા સમા નરથી,
જનેતાએ જનમતાંહા, ન દીધુ ઝેર કાં ધરથી.
કૃતઘ્ની દુષ્ટ તું જેવા, રહ્યા જે સ્વાર્થને સેવી,
બની વિકાળ રૂપે હા-ગળી જાજો ધરાદેવી.

૨૫

અમર આશા (ગઝલ)

કહીં લાખો નીરાશામાં, અમર આશા છુપાઇ છે,
ખફાં ખજર સનમનામાં રહમ ઉંડી તપાઇ છે.
જુદાઇ જીંદગી ભરની, કરી રોરો બધી કાઢી,
રહી ગઇ વત્સલની આશા, અગર ગરદન કપાઇ
ધડીના વત્સલની આવી, સનમ પણ એ
હજારો રાત વાતોમાં ગુમાવી

ઝખમ દુનીયા ઝખાનોમાં, મુશીબત ખોફના ખંજર,
કતલમાં એકદમ બોશી, ઉપર કયામત ખુદાઇ છે.
સમાજાયે પરવાના, મરે શિર ઉપરે ફરહાદ,
અગમગમની ખરાબીમાં મજેદારી લૂંટાઇ છે.
ફના કરવું ફના થાવું, ફનામાં સહુ સમાઇ છે,
પરીને જીવવાનો મંત્ર, દીલબરની દુહાઇ છે.'
ઝહરનું નામ લે શોધી, તુરત પીલે ખુશી થાતું,
સનમના હાથના છેલ્લી, હકીકતની રફાઇ છે.
સદા દીલના તડપવામાં, સનમની રાહ રોશન છે,
તડપતે તુટતાં અંદર, ખડી માશુક સાંઇ છે.
ચમનમાં આવીને ઉભો, ગુલાપર આફરી થઇતું,
ગુલોના ખારથી બચતાં, બદન ગુલને નવાઇ છે.
હજારો ઓલીયા મુર્શીદ, ગયા માસુકમાં ડુબી,
ન ડુબ્યા તે મુવા એવા કલામો સખ્ત ગાઇ છે.

૨૬
બેપરવાઇ ગઝલ.

બનીને મસ્ત મહોબતમાં, સમરીયો પ્રેમ મેં તુજને,
સ્વીકારે કે સ્વીકારેના, નથી તેની મને પરવા.
ચડયો છું ઇશ્ક જુગારે, દીધા તુજ હાથમાં પાસા,
જીતાવે કે હરાવે તું, નથી તેની મને પરવા.
સનમ આ ઇસ્ક હોડી તુજ, ભરોસે નાખી ભરદરિયે,
ડુબાડે તું, નથી તેની મને પરવા.
મ પંખીને પઢાવી પીંજરે પાલે,

વા પાંખો નાંખશે પીંખી, નથી તેની મને પરવા.
દીધું તુજ હાથમાં ખંજર, અરે જાલીમ જુવે છે શું,
જખમ કરકે રહમ કરતું, નથી તેની મને પરવા.
મરવાની નથી પરવા, છે પરવા પ્રેમની તારા,
સુખેથી દે દુઃખેથી દે, નથી તેની મને પરવા.
વફા છું હું, વફા છું હું, સનમ તુજથી વફા છું હું,
વફા પરતું ખફા થાતો નથી તેની મને પરવા.
છકેલો છે કહે દુનીયા, દીવાનો છે કહે દુનીયા,
ભલે નિર્લજ કહે દુનીયા, નથી તેની મને પરવા.

એચ. એલ. દમાણીયા.

૨૭

તુટેલા હૃદયને સાંધો.

તુટી આશા છેલ્લી, વિષમય બન્યુ જીવન સહુ,
ઉડી પ્રીતીશાએ, જગત પરની એ રહી સહી.
અકારી લાગે આ, જગત ભ્રમણા ભગી હૃદયે,
જવુ મૃત્યુ શરણે પ્રીયતર હવે આમ જીવવે. ૧
અનેરી આશાઓ વીફળ થઇ એ કેમ સહવું,
થયુ ભાવી નીચું, પ્રીય જનકને શુય રસવું,
મહેચ્છા શકુ એની શુભ રૂપ હવે આમ ફરતે,
જવું મૃત્યુ શરણે પ્રીયતર હવે આમ જીવતે,
અરે વહેવારો આ જગત સહુના શુષ્ક દીસે.
સખામાં વ્હાલામાં, સ્થળ સકળમાં છેક
નમી નીરાશાને સતત્ દીલને

જવું મૃત્યુ શરણે પ્રીય કર નથી આમ જીવવું. ૩
અભાગી પ્રાણીથી જગત હીત કાંઇ નવ થયું,
વીરાગી સ્થિતીએ હૃદય મમ આ ન જઇ શક્યું,
હવે યાચું અંતે જીગર શકુની આશ ટળતે,
પ્રભો! પેશો મૃત્યુ પ્રીયતમ થશે એજ મુજને. ૪

૨૮

વ્હાલાને વિદાય કવ્વાલી.

સાહિત્ય સુંદરીનો છેલ્લો સંદેશો.

કર્યો ઓ જાનતે બેજાન, નીગાહે તીર મારીને,
રસી શું કાપ બેઇમાન, મને કુવે ઉતારીને,
ભરીને ગ્રંથ પ્યાલામાં, મને તેં ઇશ્ક રસ પાયો,
દીવાનો દીનને આજે કર્યો તેં શું વીચારીને.
રસીલા વીણ વર્ણનમાં, રસેલાં શબ્દ બાણોથી,
કર્યો કાતીલ મને આજે, જીગરમાં સર ઉતારીને.
ધરીને વસ્ત્ર શોભીતાં, નવા નવ અંગરશ ભીના,
નવી ઉલ્ફત ખુબી લીલા, વધારે શું ખુમારીને
અજબ જ્યોતિ જીગર જાગી, અલખ તારી લગન લાગી.
અભાગી ક્યાં શકે ભાગી, પૂર્યો શીશે ઉતારીને.
ન સુજે ક્યાંઇ જવું કરવુ, ન રૂચે કાંઇ પીવું ખાવું,
ગમે સંગીત તુ જગાવુ ગુણો તારા ઉચ્ચારીને.
બન્યો સંધો ભુલ્યો ધંધો તુટયો સંસારનો સાંધો,
તારનાં બધો છુટે દુનીયા વિસારીને.
જાદુ જગાવી વાક્ય રચનામાં,

૨૯

છુંપાતી ગ્રંથ ઘુંઘટ કે હમારાં સર ઉતારીને.
હૃદય આકાશ વાસીતું ઉદાસી અલ્પ જેતું હું,
થયું શું જે થશે શું શું ધ્રુજુ છું એ વીચારીને.
નથી શક્તિ રહી તનમાં, નથી વાંછા રહી ધનમાં,
મજાશી માનતી મનમાં ફકીરોને તું મારીને.
અજબ કાંઇ યોગ જાગ્યો છે, અનેરો રોગ લાગ્યો છે,
બતાવો વૈધ એવો જે, મટાડે આ બિમારીને.
નથી રહેતા જીગર ઘરમાં ઝલાતી તું નથી કરમા
ઘૃણાનું રકપર કરમાં કરજ તારી વીશારીને.
ક્ષમા મેહબુબ માગું છુ હવે તો પાય લાગુ છુ,
જવાદે ક્રુર ઓ દેવી જુઠી યારી ઉતારીને.
ઘણો મોટો ગુન્હો કીધો અજાણ્યો માર્ગ મેં લીધો,
હવે છોડો દુ:ખી સીધો બીચારો દાસ ધારીને.

૨૯

અમારી મસ્ત ફકીરી—કવ્વાલી.

ફકીરીમાં સખીરીમેં ભરી આજે મજા કેવી,
અમીરીને ફકીરીમાં મળી આજે મજા કેવી.
ફીકર ઘુંટા કરી ફાકી, તમન્ના શી હવે બાકી,
શરીરે ત્યાગની કફની ચડાવી ત્યા ધ્વજા કેવી.
ખલકને જાણુતાં ફાની, પછી હતે પરવા શાની
નથી દરકાર દુનીયાની, મળે તે ક્યાં મ
પીવો પ્યાલો ભરી પાવો, કરીને

અમીરીનો ધરી દાવો, ફકીરીમાં મજા કેવી.
કદી મુખ મલતણી શૈયા, કદી ખુલ્લી ભુમી સૈયા;
કદી વ્હેતી મુકી નૈયા, તરંગોની મજા લેવી.
કદી ખાવા મળે લાડુ, કદી ખાવા પડે ઝાડુ;
રગશીયું દેહનું ગાડું, ઉપર ભગવી ધ્વજા કેવી
કદી છે શાલ દુશાલા, કદી લંગોટને માલા;
કદી હો ઝેરના પ્યાલા, મળે તેવી મજા લેવી
ધર્યા છે કેશરી જામા, કર્યા કાષાય કપડાના,
મન સંસારની ભામા, કજામાંથી મજા લેવી.
ભર્યા છે જ્ઞાન ધન ભાથાં ઝુકાવે શાહ પણ માથાં,
જગતનો ગમ સદા ખાતાં, ગમી તે જ્યાં રજા દેવી
ખુશી આ કત મુકી માથે, ખુશીથી જ્યાં સજા લેવી.
જગત જીત્યુ અલખ નામે, અચલ એ રાજને પામે.
નમાવી શર કદમ સામે ઉભા ત્યાં દેવને દેવી,
અમીરીની મજા મીઠી, ફકીરીમાં અમે દીઠી.
ન કરવી ચાકરી ચીઠી સ્પૃહાને ત્યાં રજા દેવી.
થયા જ્યાં શક ઇશ્વરથી, પછી શી ગાંડ ઘરવરથી,
જગાવ્યો પ્રેમ પરવરથી, શલાકા સ્નેહની એવી.

અદ્ભુત સોરઠા.

ચંચળ નાર એક દીન તે ચાલી જશે, શાણા સમજે સાર,
મનની મનમા રહી જશે.
ગ્રડાઇને તું મુરખ શીદ મલકાય છે,
ગાને પામર ખરે હરખાય છે.

વીચારી જોરે માનવી તુજને જરૂર જવાનુ છે; પ્રબળ સત્તા દૈવની
ત્યાં ધાર્યું કોનું થવાનુ છે.

માળા દેખાતી રૂઢની શંકર દશા જગ ન્યારી છે, દેવતણા અધિરાજની
હા, હેવે દશા પરવારી છે.

અણધારી જોરે જીવડા, તુજ આંખ બંધ થવાની છે, ઉર્મી ઉછળતી
હૃદયની વાને ઝપાટે જવાની છે.

× × × ×

જયશી કરની વયશી ભરની આજ કીયા ફલ પાવેગા,
ધોકા દેગા ગય રોકો તો, આપહી ધોકા ખાવેગા

× × × ×

રાવણ તણે કપાળ અઠ્ઠોતરસો બુદ્ધિ વસે, લંકા લીટણ કાળ, એકે
બુદ્ધિ ન સાંભરી

× × × ×

ઈંદ્ર ચંદ્ર ચક્રી જે ગ્રહની ગતી આધીન છે, દૈવની ન્યારી કળા જ્યાં
સકળ પ્રાણી દીન છે,

આશા અનોપમ વેલડી પળવારમાં છુંદાય છે, જીવનરૂપી નૌકા ખરે
સાગર માંહે લૂટાય

× × ×

રંડાએલી નાર ડાહી ડમરી
વંઠી ગઈ જ્યાં વાત''

૩૦

ભગિની ભાવના.

(રાગ સોહણી)

આ વિશ્વની નારી મળે તે તો હમારી બ્હેન છે,
દેવાંગના કે માનુષી, તે તો હમારી બ્હેન છે.
જેના તરફ કુદષ્ટી કરી તે માફી હમને બક્ષજો,
મીઠી હવે છે આંખ અમીની, તે હમારી બ્હેન છે.
ક્યાંહી નજર નીચી મળે કે, કલ્પના કે સ્વપ્નમાં,
આ જન્મ કે પરજન્મમાં, તે તો હમારી બ્હેન છે.
આત્મસત્તાએ હમારી, એનથી જૂદા નથી,
રૂપાદિયુક્ત તે દેહથી, તે તો હમારી બ્હેન છે.
નિર્દોષ પ્રેમની વીરપસલી, જ્યાં મળે ત્યા આપીશું.
કલ્યાણ ભાવીશુ સદા કાં, તે હમારી બ્હેન છે.
કલ્યાણી ભગિની આત્મમન્થનમાં, બનો અમ ભાગિની,
એ ભાવના રસ ઝીલીશુ, કે તે હમારી બ્હેન છે.

"વીરભક્ત" તરફથી વીરપસલી.